# ક્ષેમંકર

ક્ષેમંકરે સં. ૧૪૫૦ આસપાસ 'સિં.બ.' રચી છે. એમના ગુરુનું નામ દેવસુંદરસૂરિ આપ્યું છે. તપાગચ્છના આચાર્ય દેવસુંદરસૂરિ સં. ૧૪૫૦ આસપાસ વિદ્યમાન હતા. એ જોતાં ક્ષેમંકરની આ રચના પણ એ સમયે અથવા ત્યાર પછી થોડા વખતમાં થઈ હોય એ સંભવિત છે. કેટલાક વિદ્વાનોએ ક્ષેમંકરને ૧૨મા સૈકામાં થયેલા ગણ્યા છે. આમ માનતાં, દેવસુંદરસૂરિને ૧૨મા સૈકામાં થયેલા આચાર્ય દેવસૂરિ – જેઓ મહાન વાદી હોવાથી વાદી દેવસૂરિ તરીકે પ્રસિદ્ધ હતા એમનાથી અભિન્ન ગણવા પડે. એમ ગણવાને માટે કોઈ આધારભૂત પુરાવો નથી. એ રીતે જોતાં તો ક્ષેમંકરના ગુરુ દેવસુંદર એ તપાગચ્છના ઉપર્યુક્ત આચાર્ય છે એમ સો ટકા નિશ્ચયપૂર્વક કહી ન શકાય.

આ કૃતિની અનેક હસ્તપ્રતો ગુજરાતના પ્રાચીન ગ્રંથભંડારોમાં મળે છે. એમાંની નીચે પ્રમાણેની પાંચ પ્રતો હું મારા અભ્યાસને અંગે મેળવી શક્યો હતો તે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, હ.પ્ર.નં. ૨૯૩૬

(૨) શ્રી હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહ, વડોદરા, હ.પ્ર.નં. ૯૧૦

(૩) પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, હ.પ્ર.નં. ૨૨૧૬

(૪) શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ, હ.પ્ર.નં. ૧૩૩૯

(૫) શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ, હ.પ્ર.નં. ૪૯૩૩

ક્ષેમંકર, 'સિં.બ.'ની વાર્તાઓના સંસ્કૃત ગદ્યમાં લેખક તરીકે ગુજરાતમાં તો કદાચ સૌથી પહેલા છે. એમણે રચેલી 'સિં.બ.'ની વાર્તા જૈનવાચના તરીકે જેને એજર્ટન ઓળખાવે છે તે જ છે. ક્ષેમંકરનું ગદ્ય વચ્ચેવચ્ચે પદ્યથી સુશોભિત છે. ક્ષેમંકરે આ કૃતિ માટે શાનો આધાર લીધો છે તે સમજાતું નથી. તેમ છતાં ક્ષેમંકરની સમર્થ રચનાપદ્ધતિ અને વાર્તાઓનો વાર્તા તરીકેનો સાહિત્યગુણ તેમજ ભાષાની સાર્વત્રિક સરળતા એક વસ્તુ માનવા પ્રેરે છે કે કાં તો ક્ષેમંકરે પોતાના કોઈક સમર્થ પુરોગામીની કૃતિનો આધાર લીધો હોય અથવા પોતાની જ સમર્થ શક્તિના ફળરૂપે આ સુંદર કૃતિની રચના કરી હોય.

ક્ષેમંકરે રચેલી આ 'સિં.બ.'ની શૈલી પણ ધ્યેયલક્ષી છે. નિરર્થક વાણીવિલાસ કે વાર્તાવિલાસ કરવાને ખાતર ક્ષેમંકર મુનિ કશો જ પ્રયત્ન કરતા નથી. એમની સરળતાથી વહી જતી વાર્તાશૈલી જોઈને અખાની એક વિખ્યાત પંક્તિ યાદ આવે છે:-

'સૂતર આવે ત્યમ તું રહે
જ્યમત્યમ કરી હરિને લહે'

કવિ પણ એની માફક જ સરળતાપૂર્વક વાર્તાકથનનું ધ્યેય પોતાની નજર સમક્ષ રાખે છે. અને માત્ર જ્યાં જ્યાં સુંદર અવતરણો રજૂ કરે છે ત્યાં જ આ પ્રણાલિકામાં થોડીક રુકાવટ દેખાય છે. સાથે જ એ પણ સ્પષ્ટ છે કે વાર્તાની એકેએક વિગત લેખક સ્પષ્ટ કરે છે. કશું જ અણકથ્યું કે અણસમજ્યું રહી જતું નથી, એ નોંધવું જોઈએ.

ક્ષેમંકરની કૃતિને જૈનવાચના તરીકે વિવેચકોએ ઓળખાવી છે એ તદ્દન બરાબર છે.* જૈન અસર આ વાર્તામાં સ્પષ્ટ વરતાય છે. ખાસ કરીને પ્રાસ્તાવિક વાર્તા — જેને એજર્ટન 'Frame-story' કહે છે, તેમાં જૈન અસર સ્પષ્ટ છે. લેખક મહાકાળની સ્થાપનાનો, ભગવાન આદિનાથની મહત્તાનું, તેમજ જૈન આચાર્ય સિદ્ધસેન દિવાકરની શક્તિનું નિરૂપણ કરતો પ્રસંગ વિસ્તારથી આપે છે. અને વાર્તાને અંતે પૂતળીઓને મળેલા શાપની હકીકતમાં પણ એક જૈન મુનિની મશ્કરી કરવાને પરિણામે શાપ મળ્યો છે એમ કહે છે. ત્યાં પણ આ જ વસ્તુનું સમર્થન થાય છે. ક્ષેમંકરની આ કૃતિ આ પરંપરાઓમાં મળી આવેલી કૃતિઓમાં સૌથી જૂની છે, તેની અનેક પ્રતો જુદેજુદે સ્થળે મળે છે એટલું જ નહીં પણ ત્યાર પછી લખનારા જૈન વાર્તાકારોએ સર્વત્ર ક્ષેમંકર મુનિની આ કૃતિનું વાર્તાઓના વિષય અને ક્રમ પરત્વે અનુસરણ કર્યું છે.

---

* એજર્ટન, Vikrama's Adventures, પ્રસ્તાવના, પૃ. [illegible]

39

કોઈ કોઈ સ્થળે, અપવાદ તરીકે જ જુદી વાર્તાઓ મળે છે. આ ઉપરાંત જૈનેતર કવિઓએ પણ ક્ષેમંકરની આ પદ્ધતિનું અનુસરણ કર્યું છે. તે આ વાર્તાઓની લોકપ્રિયતા અને મનોરંજકતાનું સાચું માપ આપણી આગળ રજૂ કરે છે. ક્ષેમંકર સિંહાસનની ઉત્પત્તિ અને તેની ભોજને થયેલી પ્રાપ્તિ વિગતે વર્ણવે છે. અને વિક્રમના રાજ્યનું વર્ણન કરતાં એની ઉદારતા, ન્યાયપ્રિયતા, તેમજ નિર્ભયતાનાં વખાણ કરે છે. સિદ્ધસેનનો આખોય પ્રસંગ ક્ષેમંકરે નિરૂપ્યો છે અને ત્યાર પછીના જે જે જૈન કવિઓએ આ પ્રસંગ લીધા છે તેમણે અનુસરણ તો ક્ષેમંકરની કૃતિની રૂપરેખાનું જ કર્યું છે.

ક્ષેમંકર વિક્રમની રાજસભાનું વર્ણન કરતાં કેટલીક કવિત્વપૂર્ણ ઉક્તિઓ રજૂ કરે છે. તેમાંય સિદ્ધસેન દિવાકર વિક્રમની પ્રશંસાના જે સુંદર ચાર શ્લોકો બોલે છે તે ખરેખર કવિત્વયુક્ત છે.* વિક્રમરાજસભામાં જુદાજુદા કવિઓ વિક્રમપ્રશંસાના શ્લોકો બોલે છે તે પણ ધ્યાન ખેંચે તેવા છે. ક્ષેમંકરે કેટલાક સારા અર્થાન્તરન્યાસો કર્યા છે તે એમની નીતિકુશળતા અને વ્યવહારજ્ઞતા

---

* अपूर्वेयं धनुर्विद्या भवता शिक्षिता कुतः ?।
मार्गणौघः समभ्येति गुणो याति दिगन्तरम् ॥१॥
अमी पानकरंकाभाः सप्तापि जलराशयः।
यद्यशो राजहंसस्य पंजरं भुवनत्रयम् ॥२॥
सर्वदा सर्वदोऽसीति मिथ्या संस्तूयसे बुधैः।
नारयो लेभिरे पृष्ठं न वक्षः परयोषितः ॥३॥
भयमेकमनेकेभ्यः शत्रुभ्यो विधिवत् सदा
ददासि तच्च ते नास्ति राजन्! चित्रमिदं महत् ॥४॥

બતાવે છે. શરૂઆતની પ્રથમ વાર્તામાં ક્ષેમંકરે ઠીકઠીક વિસ્તાર કર્યો છે. ત્યારપછીની વાર્તાઓમાં એટલો વિસ્તાર નથી. બલ્કે કેટલીક વાર્તાઓમાં વાર્તાનું તત્ત્વ જ ઓછું છે. અને તે કોઈક બીજા હેતુથી લખાઈ હોય એમ લાગે છે. જેમકે છઠ્ઠી યોગભ્રષ્ટ તાપસની વાર્તા, વાર્તાનું તત્ત્વ જેમાં સામાન્ય જ છે એવી છે, પણ વિક્રમની ઉદારતાનું સૂચન કરવા સાથે એ સંસારનું આકર્ષણ કેટલું પ્રબળ હોય છે તેનું સૂચન સ્પષ્ટ રીતે કરે છે. એવી જ રીતે ધર્માધિકારીની વાર્તા (વાર્તા-૧૬) એક પરદેશી ધર્મજ્ઞ રાજાને જીવનની નશ્વરતા અને ધર્મની ઉપાદેયતા વિષે પ્રબોધ કરે છે. તેનું વાર્તા તરીકે ખાસ મૂલ્ય નથી. પણ વાર્તારસને બહાને ધાર્મિક ભાવનાઓનું પણ લોકોમાં પોષણ થાય એવી વાર્તાઓ રચવાની પ્રાચીન સર્જકોની વૃત્તિનું એક સુંદર ઉદાહરણ છે. દુઃસ્વપ્નની વાર્તામાં (વાર્તા-૨૩) પણ વાર્તાનું તત્ત્વ પાંખું છે. તેમ છતાં વિક્રમની દિનચર્યાનું વર્ણન કરીને લેખકે વાર્તાને બહલાવવાનો પ્રયત્ન કર્યો છે. જેકે, માત્ર દુઃસ્વપ્ન આવવાથી ત્રણ દિવસ વિક્રમે બધાં માટે ભંડાર ખોલી મૂક્યા એટલું કહેવાથી કંઈ વાર્તા બની ન જાય. આવી આ કૃતિની કંઈક અસંતોષ ઉપજાવે એવી કડીઓ પ્રમાણમાં બહુ જ થોડી છે. બલ્કે આટલી જ છે. એમ કહી શકાય. વાર્તાની દૃષ્ટિએ 'વિસેમિરા'ની વાર્તા (નં.૨ ) તેમજ પુરંદર (વાર્તા-૧૨) સૂર્યમંડળ સુધી પહોંચતું સિંહાસન (વાર્તા-૧૯) તેમજ ઐન્દ્રજાલિકની વાર્તા (વાર્તા-૩૦) આ રચના, ચમત્કૃતિ અને રસની દૃષ્ટિએ ધ્યાન ખેંચે એવી છે. જો કે આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જે જમાનામાં કોઈ વિશિષ્ટ હેતુથી વાર્તાકથન કરતી વખતે કલાનો આજો ખ્યાલ રાખવામાં આવતો નહોતો અને આપણી કલાવિવેચનની દૃષ્ટિ પશ્ચિમના સિદ્ધાંતોને પરિણામે વધારે સૂક્ષ્મ બની નહોતી ત્યારે વાર્તાના આદ્ય તત્ત્વની સાથે આવું કંઈક સામાન્યતાનું તત્ત્વ કૃતિમાં આવે તો તે સમજી શકાય એવું છે. અને એનું વિવેચન કરતાં વધુ પડતા કડક થવાની જરૂર નથી. ક્ષેમંકર મુનિએ જે યુગમાં આ વાર્તાઓ લખી એ યુગ પ્રજાજીવનમાં કંઈક વિધર્મી મુસલમાનોના હુમલાને કારણે આવતી અસ્વસ્થતા અને સંકુચિત વૃત્તિનો

હતો. અને ક્ષેમંકર મુનિએ આ વાર્તાઓ વિદ્વાન સાહિત્યશાસ્ત્રીઓ કે કવીશ્વરોને પ્રસન્ન કરવા નહીં પણ સામાન્ય પ્રજાને મનોરંજન અને સંસ્કાર-શિક્ષણ મળે તે હેતુથી સંસ્કૃત જાણનારા માણસો વાંચી જનાવે અને સમજાવે એટલા માટે લખી હોય એવું લાગે છે. એટલે તો એનું સંસ્કૃત સહેલું અને લોકભાષાપ્રચુર છે. ક્ષેમંકરની દૃષ્ટિ વાર્તાઓ દ્વારા મનોરંજન આપવાની સાથેસાથે પ્રધાનપણે ધર્મરસ લોકોને આપવાની રહી હોય એ સ્વાભાવિક છે. એટલે એ જમાનાને અનુકૂળ અને અનુરૂપ સરળતા આ કૃતિમાં સાર્વત્રિક છે. કેટલીક વખત એમાં કવિત્વના ચમકારા દેખાય છે. અને કેટલીક વખત સામાન્ય વ્યવહારને દોરનારું ચાતુર્ય પણ જોવા મળે છે. છતાં મુખ્યત્વે તો આ ઉદાહરણો જીવનની અસારતા અને દયા, પરોપકાર, ધૈર્ય, ઔદાર્ય, નિર્ભયતા ઇત્યાદિની મહત્તાનું પ્રતિપાદન કરનારાં છે. આખી ય કૃતિમાં આ દૃષ્ટિ લેખકની નજર બહાર નથી રહેતી. એટલું જ નહીં પણ કેટલીક વાર્તાઓમાં વિક્રમની પાસે યાચના કરનાર લોકો, સ્ત્રીઓ પ્રત્યેનું આકર્ષણ અનુભવે છે એવું નિરૂપણ આવે છે. છતાં કવિ શૃંગારરસ નિરૂપણ કરવામાં પડી જતા નથી. પણ આ સદ્‌ગુણોનું મહત્ત્વ સ્થાપિત કરવામાં પડી જાય છે. એ પણ એમના માનસિક વલણનું દ્યોતક છે. આના સમર્થનમાં મદનમંજૂષાની કથા (કથાંકઃ-૧૫) અને ચોગાન્ગ્રષ્ટ તાપસની કથા (કથાંકઃ-૬) ટાંકી શકાય.

ક્ષેમંકર આ પરંપરાના પ્રથમ વાર્તાકાર તરીકે પ્રગટ થાય છે. એમ જ્યાંસુધી એમણે કોઈક પરંપરામાંથી આ વાર્તાઓની રચના માટે આધાર લીધાનું સાબિત ન થાય ત્યાંસુધી આપણે માની લેવું જોઈએ. તેમ છતાં એમની કૃતિમાં આપણને એક સમર્થ વાર્તાકારની કૃતિનાં બધાં લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. એ કૃતિની સરળતા કવિની અધરી શૈલી લખવાની અશક્તિનું નહીં પણ હેતુપૂર્વક વાર્તાઓને સરળ રાખવામાં જોઈતી સંયમશક્તિનું સૂચન કરે છે. તે ઉપરાંત એમનો સુભાષિતસમૂહ એટલો બધો વિવિધ સ્થળોએથી એકઠો કરેલો છે અને તેમાં એમની

38 રુચિનો એટલો તો સ્પષ્ટ પરિચય મળે છે કે એમની વિદ્વતા પ્રશસ્ય લાગે છે. જૈનધર્મ તરફનું વલણ આ વાર્તાઓની એક વિશેષતા છે. અને પ્રાસ્તાવિક વાર્તામાં બીજી પરંપરામાં આપણને આ વાર્તાઓ ભગવાન શંકર, દેવી પાર્વતીને કહેતા હોય એવું નિરૂપણ મળે છે. તે જોવા મળતું નથી. એટલે સ્પષ્ટ રીતે ક્ષેમંકર મુનિ આ પદ્ધતિ સ્વીકારે છે એમાં બેમાંથી એક વસ્તુ કારણભૂત લાગે છે: કાં તો એમને કોઈ જુદી જ પરંપરા મળી હોય અને એને તે અનુસર્યા હોય અથવા એમણે હેતુપૂર્વક વાર્તાઓને જૈનેતર અસરથી મુક્ત રાખી હોય. ક્ષેમંકર મુનિની આ વાર્તા-સૃષ્ટિમાં કેટલીક વાર્તાઓ આકર્ષક છે. એ આપણે આગળ જોયું છે. એમણે આ વાર્તાઓની પાત્રસૃષ્ટિમાં મનુષ્યો ઉપરાંત દેવદેવીઓ, રાક્ષસો, યક્ષો, પંખીઓ, પશુઓ અને અશરીર વાણી તેમજ લક્ષ્મી, સત્ય, વિવેક, ઈન્દ્ર, અપ્સરાઓ, જૈન મુનિ, વગેરેને પણ પાત્ર તરીકે રજૂ કર્યાં છે. એમાં સંભવ છે કે એમનું પોતાનું મૌલિક ઉમેરણ ઝાઝું નહીં હોય. છતાં જ્યાંસુધી બીજી પરંપરાઓમાં અને આ પરંપરામાં મૂળ એક જ પરંપરામાંથી કેટલું લેવાયું અને કેટલું છોડી દેવાયું તેનો ખ્યાલ ન આવે ત્યાંસુધી આપણે ક્ષેમંકર મુનિના મૌલિક પ્રદાન વિષે નિશ્ચિતરૂપે કશું કહી શકીએ નહીં.